પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૨ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨, સોમવાર; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં લમ્પી વાયરસથી ૫૮ હજાર ગાયોના મોત

**૧૬ રાજ્યોમાં ફેલાઇ બિમારી : બિમારીનો સામનો કરવા તમામ રાજ્યો સાથે સમન્વય વધારવા માટે દિલ્હીમાં કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા**



નવી દિલ્હી, તા.૧૧

લમ્પી વાયરસે દેશભરમાં ૫૮ હજારથી વધુ ગાયોનો જીવ લીધો છે. રાજધાની દિલ્હીમાં પણ આ વાયરસથી સંક્રમણના ૧૭૩ કેસ નોંધાયા છે. અત્યાર સુધી તે ૧૨ રાજ્યોમાં ફેલાયો હોવાનો વાત કહેવામાં આવી રહી હતી, હવે કેન્દ્રીય મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ કહ્યું કે ૧૬ રાજ્યોમાં બિમારીએ અન્ટ્રી કરી લીધી છે. રાજસ્થાન લમ્પી વાયરસ થી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે. કહેવામાં આવી રહ્યું છે કે અહીં પશુપાલકોને ગાયોને દફનાવવા માટે જગ્યા ઓછી પડી ગઈ છે.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ કહ્યું કે બિમારીનો સામનો કરવા માટે તમામ રાજ્યો સાથે સમન્વય વધારવા માટે દિલ્હીમાં કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. તેના દ્વારા અધિકારી રાજ્યના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી રહ્યા છે. તમામ અધિકારીઓએ દિશા નિર્દેશ આપી દિધા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે વેક્સીન ઉત્પાદનને વધારવાના પ્રયત્નને લઈને તેના નિર્માતા સાથે વાતચીત કરવામાં આવી છે. વિજય રૂપાલાએ કહ્યું કે

● અનુસંધાન પાન-૭ પર

# દ્વારકા શારદા પીઠના શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીનું નિધન

**૯૯ વર્ષની ઉંમરે મધ્યપ્રદેશના નરસિંહપુરમાં નિધન : સ્વરૂપાનંદને હિન્દુઓના સૌથી મોટા ધર્મગુરૂ માનવામાં આવતા : આશ્રમમાં બપોરે 3 કલાકે અંતિમ શ્વાસ લીધા**

ભોપાલ, તા.૧૧

દ્વારકા તથા શારદા પીઠના શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીનું રવિવારે નિધ થયું છે. તેઓ ૯૯ વર્ષના હતા. તેમણે મધ્યપ્રદેશના નરસિંહપુરમાં અંતિમ શ્વાસ લીધા છે. સ્વરૂપાનંદને હિન્દુઓના સૌથી મોટા ધર્મગુરૂ માનવામાં આવતા હતા. જાણકારી પ્રમાણે તેમણે પોતાના આશ્રમમાં બપોરે ૩ કલાકે અંતિમ શ્વાસ લીધા છે. થોડા દિવસ પહેલા તેમનો ૯૯મો જન્મદિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ૨ સપ્ટેમ્બર ૧૯૨૪માં તેમનો જન્મ થયો હતો. તેઓ દ્વારકા અને જ્યોતિર્મઠ પીઠના શંકરાચાર્ય હતા.

દેશની આઝાદી માટે શંકરાચાર્ય સ્વરૂપાનંદે અંગ્રેજોનો પણ સામનો કર્યો હતો. તેમનું બાળપણનું નામ પોથીરામ હતું. તેમણે કાશીમાં કરપાત્રી મહારાજ પાસે ધર્મનું શિક્ષણ લીધુ હતું. ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં તેમણે ભાગ લીદો હતો. આ માટે તેમણે બે વખત જેલમાં પણ જવું પડ્યું હતું. ૧૯૮૯માં તેમને શંકરાચાર્યનું બિરૂદ મળ્યું હતું.

શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતી પોતાના બેબાર નિવેદન માટે જાણીતા હતા. તેમણે રામ મંદિર ટ્રસ્ટને લઈને પણ સરકાર સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ભગવા પહેરી લેવાથી કોઈ સનાતની બનતું નથી. તેમણે કહ્યું હતું



કે જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટમાં કોઈ એવો વ્યક્તિ નથી જે પ્રાણ પ્રતિષ્ઠા કરી શકે. તેમણે ધનને લઈને પણ ટ્રસ્ટ પર સવાલ ઉઠાવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈ એરપોર્ટ પરથી ૬ કરોડનું સોનું જપ્ત

**કસ્ટમ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ લગભગ ૧૨ કિલોગ્રામ ગોલ્ડને જપ્ત કર્યું : મૂળ સુદાનના ૬ વ્યક્તિઓની ધરપકડ**

મુંબઈ, તા.૧૧

મુંબઈ એરપોર્ટ પર કસ્ટમ ડિપાર્ટમેન્ટે મોટી કાર્યવાહી કરી છે. કસ્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ લગભગ ૧૨ કિલોગ્રામ ગોલ્ડને જપ્ત કર્યુંછે. જપ્ત કરવામાં આવેલા ગોલ્ડની કિંમત લગભગ ૬ કરોડ રૂપિયા છે. કસ્ટમ ડિપાર્ટમેન્ટના અધિકારીઓના જણાવ્યા મુજબ એક ખાસ રીતે બનાવવામાં આવેલા બેલ્ટની અંદર છુપાવીને વિદેશમાંથી આ ગોલ્ડને લાવવામાં આવ્યું હતું. મૂળ સુદાનના રહેવાસી એવા ૬ ઓરપીઓની ધરપકડ કરીને હાલ તેમની એરપોર્ટ પર પૂછપરછ કરવામાં આવી રહી છે. મુંબઈમાં આ ગોલ્ડ તસ્કરો કોના-કોના સંપર્કમાં હતા, તે અંગે હાલ પૂછપરછ ચાલી રહી છે. કસ્ટમ ડિપાર્ટમેન્ટ હાલ ક્યારથી અને કેવી રીતે સુદાનના રસ્તેથી ગોલ્ડનું સ્મગલિગં કરવામાં આવી રહ્યું છે, તે અંગેની તપાસ કરી રહ્યું છે.




# રાહુલના નેતૃત્વમાં ભારત જોડો યાત્રા કેરળ પહોંચી

**પ્રિયંકા ગાંધીએ યાત્રાના ફોટા શેર કર્યા અને કહ્યું કે સમાજનો દરેક વર્ગ ભારત જોડો યાત્રાને લઈને ભારે ઉત્સાહિત છે**



તિરુવનંતપુરમ, તા.૧૧

કેરળમાં કોંગ્રેસની ભારત જોડો યાત્રાની ૧૯ દિવસની યાત્રા રવિવારે સવારે રાજધાની તિરુવનંતપુરમના પરસાલા વિસ્તારમાંથી શરૂ થઈ હતી. રાહુલ ગાંધીની આગેવાની હેઠળની ત્રણ કલાકની મુસાફરીનો પ્રથમ તબક્કો અહીં નેયતિંકારા ખાતે સવારે ૧૦.૩૦ વાગ્યે સમાપ્ત થયો હતો અને ત્રણ કલાકની મુસાફરીનો બીજો તબક્કો સાંજે ૪ વાગ્યે શરૂ થવાની ધારણા છે. પ્રિયંકા ગાંધીએ યાત્રાના ફોટા શેર કર્યા અને કહ્યું કે સમાજનો દરેક વર્ગ ભારત જોડો યાત્રાને લઈને ઉત્સાહિત છે અને આ ખેડૂતો, મજૂરો, યુવાનો, મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની ભાગીદારી અને ઉત્સાહથી સ્પષ્ટ થાય છે.

કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ કે. સુધાકરણ, રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા વી.ડી. સથેશન અને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહાસચિવ તારિક અનવર અને અન્ય વરિષ્ઠ પક્ષના નેતાઓએ ઔપચારિક રીતે રાહુલ ગાંધીનું સ્વાગત કર્યું, ત્યારબાદ કેરળમાં યાત્રા શરૂ થઈ. રાહુલ ગાંધીનું સ્વાગત કરનારા પક્ષના

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના પ્રત્યે બેદરકારી ભારે પડી શકે છે : WHO

**દર ૪૪ સેકેંડે થઈ રહ્યું છે એક સંક્રમિતનું મોત : ફેબ્રુઆરીથી સાપ્તાહિક નોંધાયેલા મૃત્યુની સંખ્યામાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે, પરંતુ ગયા અઠવાડિયે દર ૪૪ સેકંડમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું**

નવી દિલ્હી, તા.૧૧

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) એ ચેતવણી આપી છે કે વૈશ્વિક સ્તરે દર ૪૪ સેકંડમાં કોવિડ -૧૯ થી હજી પણ એક વ્યક્તિનું મોત થઈ રહ્યું છે. ડબ્લ્યુએચઓના મહાનિર્દેશક ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે કહ્યું કે આ વાયરસ આ રીતે સમાપ્ત નહીં થાય. નોંધાયેલા કેસો અને મૃત્યુમાં વૈશ્વિક ઘટાડો ચાલુ છે. તે ખૂબ જ પ્રોત્સાહક છે પરંતુ આ વલણો ચાલુ રહેશે તેની કોઈ ખાતરી નથી. ગેબ્રેયેસસે તેની નિયમિત બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, "ફેબ્રુઆરીથી સાપ્તાહિક નોંધાયેલા મૃત્યુની સંખ્યામાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે, પરંતુ તેમ છતાં ગયા અઠવાડિયે કોવિડ -૧૯ થી દર ૪૪ સેકંડમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે." તેમણે કહ્યું, "તેમાંના મોટા ભાગના મૃત્યુને ટાળી શકાય છે. તમે મને એમ કહેતા સાંભળીને કંટાળી ગયા હશો કે રોગચાળો સમાપ્ત થયો નથી, પરંતુ જ્યાં સુધી આ વાયરસ સમાપ્ત ન થાય ત્યાં સુધી હું તે કહેતો રહીશ. ડબ્લ્યુએચઓ આવતા અઠવાડિયે છ સંક્ષિપ્ત નીતિનો સમૂહ પ્રકાશિત કરશે, જેમાં તમામ સરકારો ટ્રાન્સમિશન ઘટાડવા અને જીવન બચાવવા માટે તમામ સરકારો લઈ શકે તેવા જરૂરી પગલાંની રૂપરેખા આપશે. સંક્ષિપ્તમાં પરીક્ષણ, ક્લિનિકલ મેનેજમેન્ટ, રસીકરણ, ચેપ નિવારણ અને નિયંત્રણ, જોખમ સંદેશાવ્યવહાર અને સામુદાયિક જોડાણ, અને ઈન્ફોડેમિક્સના સંચાલનના આવશ્યક તત્વોને આવરી લેવામાં આવશે. ડબ્લ્યુએચઓના વડાએ જણાવ્યું હતું કે, "અમે આશા રાખીએ છીએ કે દેશો આ સંક્ષિપ્ત વર્ણનોનો ઉપયોગ સૌથી વધુ જોખમમાં રહેલા લોકોની સુરક્ષા માટે, જેમને તેની જરૂર છે તેમની સારવાર કરવા અને જીવન બચાવવા માટે તેમની નીતિઓનું ફરીથી મૂલ્યાંકન કરવા માટે કરશે." ઘેબ્રેયેસે જણાવ્યું કે, "જ્યારે યુ.એસ.માંથી નોંધાયેલા કેસોમાં પણ છેલ્લા અઠવાડિયામાં ઘટાડો થયો છે, ત્યારે તે પ્રદેશમાં રોગચાળા વિશે નક્કર નિષ્કર્ષ કાઢવું મુશ્કેલ છે." ડબ્લ્યુએચઓ અનુસાર, કુલ ૫૨,૯૯૭ લોકોને મંકીપોક્સ વાયરસનો ચેપ લાગ્યો છે.




# વિશ્વકપમાંથી ઈજાને કારણે બહાર થયો રવિન્દ્ર જાડેજા

**વિશ્વકપ પહેલા ટીમ ઈન્ડિયાને ઝટકો : આ વર્ષે ઓસ્ટ્રેલિયાની ધરતી પર ૧૬ ઓક્ટોબરથી ૧૩ નવેમ્બર વચ્ચે ટી૨૦ વિશ્વકપનું આયોજન થનાર છે**



નવી દિલ્હી, તા.૧૧

આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાનાર ટી૨૦ વિશ્વકપ માટે જલદી ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવશે. તે પહેલા ટીમ ઈન્ડિયા માટે એક સારા અને એક ખરાબ સમાચાર સામે આવી રહ્યાં છે. સારા સમાચાર છે કે હર્ષલ પટેલ અને જસપ્રીત બુમરાહે ફિટનેટ ટેસ્ટ પાસ કરી લીધી છે. આ બંને બોલરને વિશ્વકપ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. પરંતુ જે ખરાબ સમાચાર છે તે પ્રમાણે રવિન્દ્ર જાડેજા ઈજાને કારણે વિશ્વકપમાં રમી શકશે નહીં.

આ જાણકારી ઈનસાઈડસ્પોર્ટ્સના રિપોર્ટમાં આપવામાં આવી છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જાડેજાના ઘુંટણમાં ઈજા હતી તેનું હવે સફળ ઓપરેશન થયું છે. આ સર્જરીને કારણે ટી૨૦ વિશ્વકપ સુધી જાડેજાના ફિટ થવાની સંભાવના નહિવત છે. તેવામાં તે આ મેગા ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે.

# સોનાલી ફોગાટ કેસની તપાસ CBIને સોંપવા માગ

**માગ સંતોષવામાં નહીં આવે તો મોટું જન આંદોલન કરવામાં આવશે : દીકરી યશોધરા**

ચંદીગઢ, તા.૧૧

ટીકટોક સ્ટાર અને બીજેપી નેતા સોનાલી ફોગટની હત્યા મામલે તેમની દીકરી યશોધરાએ સીબીઆઈ તપાસ કરવવા માગ કરી છે. રવિવારે હિસારમાં આયોજિત એક કાર્યક્રમમાં યશોધરાએ કહ્યુ હતુ કે, અમને સરકાર પાસેથી કોઈ આશા નથી. અમારી માગ છે કે, આ મામલે સીબીઆઈ તપાસ કરે. તો બીજી તરફ સોનાલીની બહેન રુપેશે કહ્યું હતું કે, અમે આ મામલ રાજનૈતિક કાવતરું કર્યું હોવાની ના કહી રહ્યા નથી તેથી સીબીઆઈ તપાસ કરાવવાનું કહીએ છીએ. હિસારમાં આયોજિત આપ પંચાયતમાં જે નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમાં દીકરી અને પરિવારની સુરક્ષાની માગ માટે ૫૦ લોકોનું પ્રતિનિખ મંડળ જીઁ કાર્યાલય જશે. આ સાથે ૧૫ લોકોની ટીમ બનાવવામાં આવી છે. તેમાં પાંચ પરિવારના છે. આ કમિટી સીબીઆઈને તપાસ સોંપવા માટે પોલીસ અને સરાકર પર દબાણ કરશે. ખાપ પંચાયતના એક સભ્ય કુલદીપ બિશ્નોઈનું નામ લઈને તેનું કાવતરું હોવાની વાત કરી હતી. આ મામલે ખાપ પંચાયતના પ્રવક્તાએ કહ્યુ કે, પંચાતયત એકમત છે અને દરેકનો પોતાનો અલગ મત હોય.




# કેનેડાની સિટિઝનશિપ મેળવવાના ચાન્સ વધ્યા

**કેનેડાના ચાર રાજ્યોએ PNP ડ્રોના પરિણામ જાહેર કર્યા : જેમાં ૫૦૦૦ લોકોને PNP માટે આમંત્રિત કરવામાં આવ્યા**

નવી દિલ્હી, તા.૧૧

કેનેડાએ બહારના લોકોને સિટિઝનશિપ માટે આમંત્રણ આપવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે અને આ દિશામાં શરૂઆતના પગલાં લેવાનું શરૂ કર્યું છે. કેનેડાના ચાર રાજ્યોએ PNP ડ્રોના પરિણામ જાહેર કર્યા છે જેમાં ૫૦૦૦ લોકોને PNP માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. PNP એ પર્મેનન્ટ રેસિડન્સીની સમકક્ષ ગણી ન શકાય, પરંતુ ઝઈજી સ્કોર વધારીનેઁ ઈનું સ્ટેટસ મેળવવા માટે તેને પ્રથમ પગલું માનવામાં આવે છે. કેનેડાના ચાર રાજ્યો - Saskatchewan, મોનિટોબા, ઓન્ટારિયો અને બ્રિટિશ કોલંબિયાએ પ્રોવિન્સિયલ નોમિની પ્રોગ્રામ (PNP) માટે આ સપ્તાહે તેના રિઝલ્ટની જાહેરાત કરી છે. કેનેડા જવાની અને કાયમી વસવાટ કરવાની ઈચ્છા ધરાવતા લોકોએ PNP શું છે અને તે PNP કરતા કઈ રીતે અલગ છે તે જાણવું જરૂરી છે. આપને જણાવી દઈએ કે PNP પ્રોગ્રામ હેઠળ ઉમેદવારો પ્રોવિન્સિયલ નોમિનેશન માટે અરજી કરી શકે છે. તેનાથી તેઓ CRS સ્કોર વધારીને પીઆર માટે લાયક બની શકે છે.